


વિધાનસભામાં ફરીવાર કોંગ્રેસે હંગામો મચાવ્યો હતો. ભરતી પરીક્ષાના વારંવાર ફૂટી જતા પેપરો બાબતે કોંગ્રેસના ધારાસભ્યોએ વિધાનસભાની બહાર સૂત્રોચ્ચાર કર્યા હતા અને દેખાવો કર્યા હતા.

# કર્મચારીઓના પડતર પ્રશ્નો અંગે સંયુક્ત કર્મચારી મોરચાએ મુખ્યમંત્રીને આવેદનપત્ર આપ્યુ

ગાંધીનગર, તા. ૨૮

ગુજરાત રાજ્ય સંયુક્ત કર્મચારી મોરચાએ રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને મળી તેમના પડતર પ્રશ્નોના હકારાત્મક ઉકેલ માટે દિન-૧૫માં સરકારશ્રી દ્વારા બેઠક યોજવામાં આવે તેવી માંગ કરી છે.

મોરચાના પ્રમુખ દિગ્વિજયસિંહ જાડેજા અને મહામંત્રી કીરીટસિંહ ચાવડાની સહિથી આપવામાં આવેલ આ આવેદનપત્રમાં પાંચ મહત્વના પ્રશ્નોના ઉકેલ માટે માંગ કરવામાં આવી છે. જુની પેન્શન યોજના પુનઃ ચાલુ કરવા, ફિક્સ પગારનો કેસ નામ.સુપ્રિમ કોર્ટમાંથી પરત ખેંચી ફિકસ પગારની પ્રથા, કરાર આધારિત ભરતી મૂળ અસરથી બંધ કરવા, ગુજરાત સરકારશ્રીએ સૈદ્ધાંતિક રીતે સ્વીકારેલ કેન્દ્રીય પગાર પંચની ભલામણો અનુસાર સાતમા પગાર પંચના તમામ બાકી ભથ્થાઓ તુરત આપવા, મૂળ નિમણુંક તારીખથી તમામ હેતુ માટે સળંગ નોકરી ગણવી તેમજ કર્મચારીઓને ઉચ્ચત્તર પગાર ધોરણ ૧૦, ૨૦ અને ૩૦ વર્ષે આપવાની માંગણીઓ રજુ કરવામાં આવી છે.

આ સંયુક્ત મોરચાની પ્રથમ બેઠક ૨૩મી માર્ચના રોજ યોજવામાં આવી હતી. આ બેઠકમાં અધિકારીઓ અને કર્મચારીઓના પડતર પ્રશ્નોના હકારાત્મક અભિગમ દાખવી ઉકેલ આવે તે માટે આ આવેદનપત્ર આપવાનો નિર્ણય લેવામાં આવ્યો હોવાનું જણાવ્યું છે.

# મેટ્રોરેલ પ્રોજેક્ટ માટે જિલ્લામાં ૪૪૫ ચો.મી. જમીન સંપાદન કરાશે

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર-અમદાવાદ મેટ્રોરેલ પ્રોજેક્ટને લઈ ગાંધીનગર જિલ્લામાં સંપાદનની કામગીરી અંગે ગાંધીનગર(દ)ના શંભુજી ઠાકોર અને અમરાઈવાડીના જગદીશભાઈ પટેલે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ છે કે મેટ્રોરેલ પ્રોજેક્ટ માટે જિલ્લામાં ૪૪૫ ચો.મી. જમીન સંપાદન કરવાની થાય છે.

૩૧-૧૨-૨૧ની સ્થિતિએ આ જમીન સંપાદન કરવાની કાર્યવાહી ચાલુ હોવાનું પણ સભ્યોના પૂરક પ્રશ્નના ઉત્તરમાં મહેસુલ મંત્રીએ જણાવ્યુ છે.

કાર્યવાહી ચાલુ હોવાથી વળતર ચુકવવાનો કે અન્ય પ્રશ્ન ઉપસ્થિત થતો ન હોવાનું પણ તેમણે પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ છે.

# વિશ્વ રંગભૂમિ દિને ડો.આંબેડકરના જીવન આધારિત લોકડાયરો યોજાયો



ગાંધીનગર, તા.૨૮

વિશ્વ રંગભૂમિ દિને ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી માન્ય કલા સંસ્થા આકાશ સમાજ સેવા ટ્રસ્ટ દ્વારા ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના બહીયલ ગામે તથા યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના કમિશનરની કચેરીના સંયુક્ત ઉપક્રમે ડૉ. બાબાસાહેબ આંબેડકરના જીવનપ્રસંગો પર આધારિત લોકડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત આકાશ સમાજ સેવા ટ્રસ્ટના પ્રમુખ નટવરસિહ ચૌહાણ ગામના સરપંચ સજાદભાઈ તથા ગામ પંચાયતના સભ્ય વસીમ મલેક માજી સરપંચ નજીર અંસારી વગેરે મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટય કરી કાયૅકમની શરૂઆત કરી હતી.

બંધારણના ઘડવૈયા ડૉ. બાબાસાહેબ આંબેડકરના જીવન પ્રસંગો પર આધારિત લોકડાયરામાં મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. જાણીતા ટીવી-ફિલ્મ કલાકાર એન સી ચૌહાણે ડૉ. બાબાસાહેબ આંબેડકર વિશે પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. જાણીતા કલાકારો અલ્કા રાઠોડ, કમલેશ સોલંકી, શિલ્પા વાઘેલા, અશોકભાઈ તથા સંગીતના સાથીદારોએ ડાયરાની મૌજ કરાવી હતી. આ પ્રસંગે મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યાં હતા.



રાજ્યભરમાં આજથી શરૂ થયેલ ધોરણ-૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાના પ્રથમ દિવસે સરઢવ ગામના સરપંચ કિરીટભાઈ પટેલ અને ગામના અગ્રણીઓ કાન્તિભાઈ પટેલ, દશરથભાઈ પટેલ, અશોકભાઈ પટેલ અને અન્ય આગેવાનોએ વિદ્યાર્થીઓને સ્કૂલના દરવાજે હાજર રહી શુભેચ્છા આપી ગળ્યું મ્હો કરાવ્યું હતું તે પ્રસંગની તસવીર...

# એપ્રિલ અંત સુધી રાજકારણમાં જોડાવાનો નિર્ણય લઈશ : નરેશ પટેલ

**પાટીદાર નેતાએ રાજકોટમાં પત્રકાર પરિષદને સંબોધન કર્યું: નરેશ પટેલ આગેવાનોની સલાહ અનુસાર રાજકારણમાં જોડાવાનો નિર્ણય લેશે, ગામેગામ સર્વે હાથ ધરાયો**

રાજકોટ, તા.૨૮

પાટીદારોની સંસ્થા ખોડલધામના ચેરમેન નરેશ પટેલની રાજકારણમાં પ્રવેશવાની તારીખ ફરી લંબાઈ છે. નરેશ પટેલે આજે પત્રકાર પરિષદ સંબોધતા જણાવ્યું હતું કે તેમને હજુ થોડા સમયની જરુર છે. તેમણે એમ પણ જણાવ્યું હતું કે જો પોતે રાજકારણમાં જોડાશે તો ખોડલધામના ચેરમેન પદેથી રાજીનામું આપી દેશે. સમાજના લોકોની સેવા રાજકારણમાં જોડાવવું જોઈએ તેમ કહેતા નરેશ પટેલે કહ્યું હતું કે તેઓ રાજકારણમાં જોડાવા માગે છે, પરંતુ તે અંગેનો નિર્ણય તેઓ સમાજના આગેવાનોની સલાહ અનુસાર લેશે. હાલ સૌરાષ્ટ્રના ગામેગામમાં આ અંગે સરવે કરાવવામાં આવી રહ્યો છે, અને તેના આધારે તેઓ એપ્રિલના મધ્યમાં કે અંતમાં રાજકારણમાં જોડાવાનો નિર્ણય લેશે તેમ નરેશ પટેલે કહ્યું હતું.

થોડા દિવસો પહેલા એવી જોરદાર અટકળો હતી કે આમ આદમી પાર્ટી નરેશ પટેલને પંજાબમાંથી રાજ્યસભાના સાંસદ બનાવી શકે છે. નરેશ પટેલે અરવિંદ કેજરીવાલ સાથે મુલાકાત કરી હોવાની પણ ચર્ચા હતી. જોકે, આ અટકળો પર આખરી યાદી જાહેર થતાં જ પૂર્ણવિરામ મૂકાઈ ગયું હતું. હાર્દિક પટેલ પણ થોડા દિવસો પહેલા નરેશ પટેલને કોંગ્રેસમાં જોડાવવા માટે ખૂલ્લું આમંત્રણ આપી ચૂક્યા છે. તો બીજી તરફ, સીઆર પાટીલને પણ આશા છે કે નરેશ પટેલ ભાજપમાં જોડાશે. તેવામાં હવે નરેશ પટેલ સત્તા પક્ષ સાથે જોડાય છે કે પછી વિપક્ષ સાથે તેના પર સૌની નજર છે. તેમાંય ગુજરાતમાં આમ આદમી પાર્ટીની વધતી લોકપ્રિયતા વચ્ચે તેઓ કોંગ્રેસ કે આપમાંથી કોની પસંદગી કરે છે તે જોવાનું રહેશે. ગુજરાતમાં આ વર્ષના અંત સુધીમાં વિધાનસભા ચૂંટણી થવાની છે ત્યારે સૌરાષ્ટ્રના મજબૂત લેઉવા પાટીદાર નેતા ગણાતા નરેશ પટેલને લેવા તમામ રાજકીય પક્ષો આતુર છે. રાજ્યની ૧૮૨માંથી વિધાનસભા ૪૮ બેઠકો સૌરાષ્ટ્રમાં આવેલી છે. જેમાંની મોટાભાગની બેઠકો પર પાટીદારોનો દબદબો છે.

# રાજ્યમાં કોરોનાના માત્ર આઠ નવા કેસ : ૩૩ દર્દી સાજા થયા

**રાજ્યમાં આજે રસીના કુલ ૬૪,૦૧૪ ડોઝ અપાયા**

ગાંધીનગર, તા.૨૮

ગુજરાતમાં આજે કોરોનાના માત્ર ૮ નવા કેસ નોંધાયા છે. તો બીજી તરફ ૩૩ દર્દી સાજા થયા છે. અત્યાર સુધીમાં કુલ ૧૨,૧૨,૭૦૩ નાગરિકો કોરોનાને મ્હાત આપી ચુક્યાં છે. જેના પગલે કોરોનાનો રિકવરી રેટ પણ સુધરીને ૯૯.૦૯ ટકા સુધી પહોંચી ચુક્યો છે.

બીજી તરફ રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં આજે રસીના કુલ ૬૪,૦૧૪ ડોઝ અપાઈ ચુક્યાં છે. બીજી તરફ એક્ટિવ કેસની વાત કરીએ તો રાજ્યમાં કુલ ૨૩૪ એક્ટિવ કેસ છે. જે પૈકી ૦૩ નાગરિકો વેન્ટીલેટર પર છે. ૨૩૧ નાગરિકો સ્ટેબલ છે. બીજી તરફ ૧૨,૧૨,૭૦૩ નાગરિકો ડીસ્ચાર્જ પણ થઈ ચુક્યાં છે.

આ ઉપરાંત ૧૦,૯૪૨ નાગરિકોનાં અત્યાર સુધીમાં કોરોનાને કારણે મોત થઈ ચુક્યાં છે. જો કે આજે કોરોનાને કારણે એક પણ નાગરિકનું મોત નથી થયું તે સકારાત્મક સમાચાર કહી શકાય. ગાંધીનગર કોર્પોરેશનમાં આજે ૩ નવા કેસ, વડોદરા કોર્પોરેશનમાં ૩, અમદાવાદ અને દાહોદમાં ૧-૧ કેસ નોંધાયા છે. બીજી તરફ રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં ૧૮ વર્ષથી વધારેની ઉંમરના ૨૦૬૮ નાગરિકોને રસીનો પ્રથમ અને ૧૩૫૬૦ નાગરિકોને રસીનો બીજો ડોઝ અપાઈ ચુક્યો છે.

# યુએસ જતા ૩૭ ગુજરાતીઓના પાસપોર્ટ સાથે તુર્કીમાં એજન્ટ ફરાર

**યુએસમાં ઘૂસણખોરીના કેસની તપાસનો ધમધમાટ : માનવ તસ્કરોએ અમેરિકા જવા માગતા આ પરિવારોને તુર્કીના ઈસ્તાંબુલમાં બંધક બનાવીને રાખ્યા હતા**

અમદાવાદ, તા.૨૮

યુ.એસ.માં ગેરકાયદેસર ઘુસણખોરી સાથે સંકળાયેલા કેસોની તપાસ કરતી પોલીસને જાણવા મળ્યું છે કે માનવ તસ્કરોના ગ્રુપના એક વ્યક્તિ તુર્કીમાં ફસાયેલા ૩૭ ગુજરાતી પરિવારોના પાસપોર્ટ સાથે ગાયબ થઈ ગયો છે. આ એ પરિવારો છે જે કોઈપણ ભોગે અમેરિકા પહોંચવા માટે નીકળ્યા હતા અને માનવ તસ્કરોએ તેમને તુર્કીના ઈસ્તાંબુલમાં બંધક બનાવીને રાખ્યા હતા.

આ પરિવારો મેક્સિકો જવા માટે તુર્કી ગયા હતા જ્યાંથી તેઓ યુએસ બોર્ડર ક્રોસ કરવાના હતા. પોલીસના સૂત્રોએ જણાવ્યું હતું કે અલી ખાન તરીકે ઓળખાયેલ વ્યક્તિ ઈસ્તંબુલમાં માનવ તસ્કરી કરતા જૂથ સાથે કામ કરતો હતો અને તેણે આ પરિવારો પાસેથી પાસપોર્ટ છીનવી લીધા હતા. જેના આધારે તે આ પરિવારો પાસેથી રુપિયા પડાવવા માટે દબાણ કરવા માટ આ ડોક્યુમેન્ટ્સનો ઉપયોગ કરી રહ્યો છે. તેમ પોલીસે જણાવ્યું હતું. ગુજરાત પોલીસના એક અધિકારીએ જણાવ્યું હતું કે, "જ્યારે આ ગુજરાતી પરિવારોને ઈસ્તાંબુલમાં અલગ-અલગ ભાડાના એપાર્ટમેન્ટમાં લઈ જવામાં આવ્યા હતા, ત્યારે ખાન માનવ તસ્કરી ગેંગને લોજિસ્ટિકલ સપોર્ટ પૂરો પાડતો હતો.

દસ્તાવેજો સાથે ગાયબ થયા બાદ ખાને પરિવારજનો પાસેથી રુપિયાની માંગણી શરૂ કરી હતી. પોલીસના સૂત્રોએ જણાવ્યું કે પરિવારને તુર્કી લાવનારા માનવ તસ્કરી ગેંગના લોકોને પણ ખાનના ઠેકાણા વિશે ખબર નથી. આ પરિવારોને ૧૦ થી ૨૦ જાન્યુઆરીની વચ્ચે ફલેટમાં રાખવામાં આવ્યા હતા. ગુજરાતી પરિવારોને બે ગુજરાત સ્થિત આંગડિયાઓ દ્વારા આપવામાં આવેલા નાણાં દ્વારા ફલેટમાં તમામ પ્રકારની વૈભવી વસ્તુઓ મળતી હતી. અન્ય એક પોલીસ અધિકારીએ વધુમાં જણાવ્યું હતું કે તેથી તુર્કી માફિયાએ તેમની પાસેથી વધુ રુપિયા પડાવવાનું નક્કી કર્યું હતું. અધિકારીએ ઉમેર્યું, 'તે દરમિયાન, ખાન ચિત્રમાં આવ્યો. તેણે દરેક પરિવાર પાસેથી ૨,૦૦૦ ટર્કિશ લીરા (આશરે રૂ. ૧૦,૦૦૦) સુધીની માંગણી કરી. જ્યારે પરિવારો ચૂકવણી કરવામાં અસમર્થતા દાખવી ત્યારે તે તેમના પાસપોર્ટ સાથે ગાયબ થઈ ગયો હતો. હવે, આ પરિવારોને બચાવવાનો પડકાર વધુ મુશ્કેલ બની ગયો છે કારણ કે તેમની પાસે મુસાફરીના કોઈ ડોક્યુમેન્ટ્સ નથી. પોલીસે જણાવ્યું કે અમદાવાદ, ગાંધીનગર અને મહેસાણાના ૧૧૮ ગુજરાતી પરિવારો તુર્કીમાં ફસાયેલા છે.



ગાંધીનગરના મેયર હિતેશભાઈ મકવાણા સદ્ગુરુ સ્વામી સચ્ચિદાનંદજી મહારાજના આશીર્વાદ લેવા કોબા આશ્રમ પહોંચ્યા હતા. તેમની સાથે ડે. મેયર પ્રેમલસિંહ ગોલ, સ્ટેન્ડિંગ કમીટીના ચેરમેન જશવંત પટેલ, શંભુજી ઠાકોર અને રૂચિર ભટ્ટ ઉપસ્થિત રહ્યા હતા.

# પરીક્ષા દરમિયાન ધો.૧૨ કોમર્સના વિદ્યાર્થીને હાર્ટ એટેક આવતા મોત

**શારદાબેન હોસ્પિટલ સારવાર દરમ્યાન મોત : રખિયાલમાં આવેલી સી.એલ સ્કુલમાં ધોરણ ૧૨ કોમર્સના વિદ્યાર્થીઓને ચાલુ પરીક્ષાએ હાર્ટ એટેક આવ્યો**

અમદાવાદ, તા.૨૮

આજે પરીક્ષા દરમિયાન રખિયાલમાં આવેલી સી.એલ સ્કુલમાં ધોરણ ૧૨ કોમર્સના વિદ્યાર્થીઓને ચાલુ પરીક્ષાએ હાર્ટ એટેક આવ્યો હતો. જેના પગલે સરસપુરની શારદાબેન હોસ્પિટલ ખાતે તત્કાલ સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. જેનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. વિદ્યાર્થી એકાઉન્ટનું પેપર લખી રહ્યો હતો ત્યારે તેને હાર્ટ એટેક આવ્યો હતો. જ્યાં તેને વેન્ટીલેટર પર રખાયો હતો. જો કે તેને બચાવવામાં સફળતા મળી નહોતી. એટેકનાં કારણે તેનું મોત નિપજ્યું હતું.

ગોમતીપુરમાં રહેતા અમાન આરીફ શાખ નામનો વિદ્યાર્થી સી.એલ સ્કુલમાં પરીક્ષા આપવા માટે પહોંચ્યો હતો. જો કે દરમિયાન પરીક્ષાની શરૂઆતમાં જ વિદ્યાર્થીને ઉલટી થઈ હતી. ત્યાર બાદ અચાનક તેને છાતીમાં દુખાવો શરૂ થયો હતો. જેના પગલે વિદ્યાર્થી ત્યાં અર્ધબેભાનાવસ્થા જેવી સ્થિતિમાં તેને સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. જો કે શારદાબેન હોસ્પિટલમાં ફરજ પરના ડોક્ટર્સ દ્વારા તેને ટુંકી સારવાર આપવામાં આવી હતી જો કે એટેકનાં કારણે તેનું મોત નિપજ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, આવી ઘટના ૨૦૧૮ માં આંકલાવમાં બની હતી. વિદ્યાર્થી સંસ્કૃતનુ પેપર લખી રહ્યો હતો ત્યારે ઢળી પડ્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, વિદ્યાર્થીઓને પહેલા જ તમામ વાલી અને શિક્ષકો ઉપરાંત મંત્રીઓ દ્વારા પણ વારંવાર કહેવામાં આવતું હોય છે કે, આ માત્ર એક પરીક્ષા છે કદાચ આમાં નિષ્ફળ ગયા તો અન્ય મોકો મળશે.



ગુજરાત પોસ્ટલ ડિપાર્ટમેન્ટ દ્વારા પડતર માંગણીઓને લઈને દેખાવો કરવામાં આવ્યા હતા.

# ગોંડલ રામજી મંદિર ખાતે હરિચરણ દાસજી મહારાજ બ્રહ્મલીન થયા

રાજકોટ,તા.૨૮

ગોંડલ રામજી મંદિર ખાતે હરિચરણદાસજી મહારાજ બ્રહ્મલીન થયા છે. ગોંડલ આશ્રમ ખાતે તેમણે બ્રહ્મ મુહૂર્તમાં અંતિમ શ્વાસ લીધા હોવાનું સામે આવ્યું છે. ત્યારે હરી ચરણદાસજી મહારાજે અંતિમ શ્વાસ લેતા રઘુવંશી સમાજ સહિતના સમાજમાં શોકની લાગણી વ્યાપી છે. થોડા સમય પહેલાં જ બાપુને સો વર્ષ સોમો જન્મદિન હતો. સો વર્ષના શતાબ્દી મહોત્સવનું પણ આયોજન કરવામાં આવ્યું હતુ. આવતીકાલે ગોરા આશ્રમ ખાતે બાપુની અંતિમવિધિ કરવામાં આવશે. ગત સપ્તાહે ગોરા આશ્રમથી હરિચરણદાસજી મહારાજ ગોંડલ પધાર્યા હતા. ગોંડલ આશ્રમ ખાતે તેમના રૂમમાં જ આઈસીયુ યુનિટ ઉભો કરવામાં આવ્યો હતો ગોંડલ આશ્રમ ખાતે તેમના દીર્ધાયુ અને સારા સ્વાસ્થ્ય માટે પ્રાર્થનાઓ કરવામાં આવી હતી. હરિચરણદાસજી મહારાજ ક્રિકેટર ચેતેશ્વર પૂજારા સહિતના વ્યક્તિઓના ગુરુ છે. સાંજે ચાર વાગ્યા સુધી ભક્તો ગોંડલ ખાતે અંતિમ દર્શન કરી શકશે. હરિચરણદાસજી મહારાજનું જીવન ભક્તિની સાથોસાથ લોક સેવાના કાર્યોમાં પણ જોડાયેલું હતું. ગોંડલ આશ્રમની બાજુમાં જ તેમણે હોસ્પિટલ બનાવડાવી હતી. ગત સપ્તાહે હરિચરણદાસજી મહારાજના અનન્ય સેવકે પણ દેહ ત્યાગ કર્યો હતો. હનુમાનજીના પરમ ઉપાસક ત્યાગી સીતારામ બાપુએ દેહ ત્યાગ કર્યો હતો. નર્મદાના કિનારે તેમની અંતિમ વિધિ કરવામાં આવી હતી. ત્યાગીજી સીતારામદાસજી મહારાજ છેલ્લા ૨૫ વર્ષોથી હરિચરણદાસજી બાપુ સાથે રહેતા હતા.

## મારામારી

● અનુસંધાન પહેલાનું ચાલુ

ધારાસભ્યો વિધાનસભામાંથી બહાર આવ્યા હતા. ભાજપના ધારાસભ્યોએ લગાવેલા આરોપ પ્રમાણે તેઓ વીરભૂમ મુદ્દે ચર્ચા કરવા ઈચ્છતા હતા પંરતુ હંગામા બાદ કથિત રીતે ટીએમસીના ધારાસભ્યોએ ધક્કામુક્કી અને મારપીટ કર્યા. વિધાનસભાની બહાર પ્રદર્શન દરમિયાન ભાજપના ધારાસભ્ય મનોજ તિગ્ગાએ જણાવ્યું કે, ટીએમસીના ધારાસભ્યોએ તેમને ધક્કાઓ અને મુક્કા માર્યા હતા. તેમણે પોતાનો શર્ટ ફાટ્યો હોવાનું પણ જણાવ્યું હતું. આ ઘટના બાદ ભાજપના ધારાસભ્ય અને પશ્ચિમ બંગાળ વિધાનસભામાં વિપક્ષ નેતા શુભેંદુ અધિકારીએ વિધાનસભાની બહાર નારેબાજી કરી હતી.

## કોરોનાની ઝપેટે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરવામાં આવેલ છે. તંત્રએ વિદ્યાર્થીઓના સંપર્કમાં આવેલાઓની યાદી તૈયાર કરી લીધી હોવાનું જાણવા મળેલ છે અને સંપર્કમાં આવેલાઓને હોમ આઈસોલેટ કરવામાં આવ્યા છે.

આજે નોંધાયેલા આ ૩ કેસ સાથે ગાંધીનગર શહેરમાં ૪ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં એક દર્દી એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.

## પરીક્ષાનો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રાખીને પરીક્ષા આપવાથી સારુ પરિણામ પણ મળે છે. આ તબક્કે તેમણે વાલીઓને પણ અપીલ કરતા જણાંવ્યુ હતુ કે વિદ્યાર્થીઓની કારર્કીદી અંગે તેઓ સતત ચિંતિત હોય છે પરંતુ પરીક્ષા વેળાએ વિદ્યાર્થીઓ સરળતાથી અને સહજતાથી પરીક્ષા આપી શકે તે મુજબનુ વાતાવરણ બની રહે તેવા પ્રયાસો કરવા જોઈએ. જયારે વિદ્યાર્થીઓને પણ સતત પ્રોત્સાહન અને હુંફ આપવા જોઈએ. અમુક તત્વો સોશિયલ મીડીયાનો દુર ઉપયોગ કરી અફવા ફેલાવવાનો પ્રયાસ કરતા હોય છે. ત્યારે વિદ્યાર્થીઓ અને વાલીઓએ આ પ્રકારની અફવાથી દુર રહી બિલકુલ ગભરાવુ નહી તેમ પણ તેમણે જણાંવ્યુ હતુ. તેમણે જણાંવ્યુ હતુ કે આજે શરૂ થયેલી બોર્ડ પરીક્ષામાં રાજયમાંથી અંદાજિત ૧૫ લાખ જેટલા વિદ્યાર્થીઓ એચ એસ સી અને એસ એસ સી ની કસોટીમાં હાજરી આપશે જયારે આ પરીક્ષા તેમની કારર્કિદી માટે યુ ટર્ન છે. બોર્ડ પરીક્ષા દરમિયાન કોઈપણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે સી સી કેમેરાની વોચ રાખવામાં આવી છે. આ ઉપરાંત જિલ્લામાં વર્ગ-૧ અને ૨ના અધિકારીઓની નિમણુંક પણ કરવામાં આવી છે. આ ઉપરાંત પરીક્ષા કેન્દ્રો પર અવરજવર માટે વિદ્યાર્થીઓ માટે બસ સેવા તેમજ કેન્દ્રો આસપાસ સલામતી અને શાંતિ જળવાઈ રહે તે માટે પુરતો પોલીસ બન્દોબસ્ત પણ રાખવામાં આવ્યો છે. પરીક્ષા કેન્દ્રો આસપાસના વિસ્તારમાં ઝેરોક્ષ સેન્ટરો પણ બંધ રાખવા માટે સુચના આપવામાં આવી છે. ધો -૧૦ માં આજે સવારે શાંતિપુર્ણ માહોલમાં પરીક્ષાનો પ્રારંભ થયો હતો. વિદ્યાર્થીઓમાં પણ બે વર્ષના અંતે બોર્ડ પરીક્ષા આપવા ઉત્સુકતા જોવા મળી હતી. કોરોનાના લીધે ગત વર્ષે પરીક્ષા લેવામાં આવી ન હતી જયારે આ વર્ષે બોર્ડ પરીક્ષાના પ્રારંભે વિદ્યાર્થીઓ એક અનોખા ઉત્સાહ સાથે પરીક્ષા કેન્દ્રો પર જતા નજરે પડયા હતા. લાંબા સમયના અંતે શાળા સંકુલો આસપાસ વિદ્યાર્થીઓ અને વાલીઓની ભીડના દ્રશ્યો જોવા મળ્યા હતા. જિલ્લામાં ધો -૧૦ અને ૧૨ ની પરીક્ષામાં પ્રથમ દિવસે ૩૩૦૬૧ વિદ્યાર્થીઓએ ધો -૧૦ અને ૧૨ ની પરીક્ષામાં હાજરી આપી હતી જયારે કુલ ૬૧૧ જેટલા વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા.

## ખોરવાયો

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઓલ ઈન્ડિયા ટ્રેડ યુનિયન કોંગ્રેસ (એઆઈટીયુસી)ના મહાસચિવ અમરજીત કૌરે જણાવ્યું કે આસામ, હરિયાણા, દિલ્હી, પશ્ચિમ બંગાળ, તેલંગાણા, કેરળ, તમિલનાડુ, કર્ણાટક, બિહાર, પંજાબ, રાજસ્થાન, ગોવા અને ઓડિશાના ઔદ્યોગિક વિસ્તારોમાં હડતાલને સારું સમર્થન મળ્યું છે. એઆઈટી.યુસી સિવાય, ટ્રેડ યુનિયન સીઆઈટીયુ અને આઈએનટીયુસી સહિત કુલ ૧૦ સંસ્થાઓ તાજેતરના શ્રમ સુધારા અને ખાનગીકરણના પ્રયાસોનો વિરોધ કરી રહી છે. આ ઉપરાંત મનરેગા માટે બજેટમાં ફાળવણી વધારવા અને કોન્ટ્રાક્ટ પરના કર્મચારીઓને નિયમિત કરવા પણ માગણી છે. પશ્ચિમ બંગાળમાં, હડતાળમાં સામેલ લોકોએ સ્થળે સ્થળે વિરોધ કરવા ઉપરાંત વાહનો અને ટ્રેનોની અવરજવરમાં વિક્ષેપ પાડવાનો પ્રયાસ કર્યો હતો. કેરળમાં પણ પરિવહન નિગમની બસો સિવાય ઓટોરિક્ષા અને ખાનગી બસો દોડી ન હતી પરંતુ આવશ્યક ચીજવસ્તુઓ, હોસ્પિટલ અને એમ્બ્યુલન્સ સેવાઓનો પુરવઠો અસ્પૃશ્ય રહ્યો હતો. જાહેર ક્ષેત્રના ઉપક્રમો સેઈલ, આરઆઈએનએલ અને એન એમડીસીના હજારો કર્મચારીઓએ પણ આ હડતાળમાં ભાગ લીધો હતો જેણે તેમના કામકાજને પ્રતિકૂળ અસર કરી હતી.

હડતાલને કારણે બેંકોના કામકાજ પર પણ અસર પડી હતી. જો કે, આ અસર માત્ર આંશિક રીતે જ જોવા મળી હતી કારણ કે ઘણા કર્મચારીઓ કામ માટે આવ્યા ન હતા. આ હડતાળને માત્ર બેંક કર્મચારી યુનિયનનો એક ભાગ જ સમર્થન આપી રહ્યો છે. આના કારણે ખાનગી ક્ષેત્રની બેંકોની કામગીરી લગભગ બિનઅસરકારક રહી હતી.